* D R - 0 0 1 - 0 0 3 1 0 9 *

# DR-001-003109

Seat No. ________

## B.J.M.C. (Sem. I) Examination

**April / May – 2015**

## Elements of Translation : Paper-IX

*(Elective Group - A)*

**Faculty Code : 001**

**Subject Code : 003109**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**પ્રશ્ન–૧ નીચેનામાંથી કોઈ એકનો ગુજરાતી અથવા હિન્દીમાં અનુવાદ કરો. (૧૪)**

(૧) Ahmedabad : Gujarat high court has removed a stay granted by a lower court in Anand on the sale and marketing of packaged drinking water under the brand name of Amul. The Anand-based Kaira District Cooperative Milk Producers' Union Ltd (Amul Dairy), along with the Gujarat Cooperative Milk Marketing Federation (GCMMF), had objected to the sale of Amul brand drinking water by Jal Beverages Ltd, a company also based in Anand. As the case goes, in 1999, Amul Dairy and GCMMF took objection to Jal Beverages' selling of water under Amul brand and filed a civil suit in Ahmedabad, claiming that it was an infringement on their trademark. They accused Jal Beverages of passing off its product in the market by taking credit of the dairy brand. The court did not stay the private company from selling its water. Again in 2006, both Amul Dairy and GCMMF asked for a stay but did not press for it. However, in 2007, both Amul Dairy and GCMMF filed another suit in Anand district court and obtained a stay on the sale of Amul brand water bottles. This made Jal Beverages move the high court against this stay. In the high court, Jal Beverages argued that the dairy cooperative and federation cannot file a successive suit and obtain a stay order.

(૨) Kolkata : The Saradha scam seems to be getting murkier by the day. Central Intelligence agencies now claim they have sufficient evidence that Saradha funds were used by fundamentalist outfits in Bangladesh against the Awami League before general elections in that country. This has got the Centre worried as it doesn't want ties with the Sheikh Hasina Government to

suffer due to this as she is already under pressure in her country over the Teesta water sharing issues. The transfer of funds was allegedly facilitated by Trinamool Congress MP Ahmad Hasan Imran, a former general secretary of the banned Students' Islamic Movement of India (SIMI). While Hasan has vehemently denied these allegations, BJP has made this an issue. According to BJP, Trinamool was assured by Jamaat-e-Islami that a section of leaders of the minority community in West Bengal would mobilise the minority votebank in the party's favour. It was also alleged that Trinamool took help from Bangladeshi criminals, belonging to fundamentalists outfits, during the Lok Sabha polls in seats along the international border.

**પ્રશ્ન–૨ નીચેનામાંથી કોઈ એકનો અંગ્રેજીમાં અનુવાદ કરો. (૧૪)**

(૧) રાજકોટ : રાજકોટનાં હજારો નાગરિકો પોતાના ગેરકાયદે નળ જોડાણ કાયદેસર કરવા રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય ઝોનલ ઓફિસે આજે ધસી ગયા હતાં. રાજકોટ મહાનગરપાલિકાએ આવા ગેરકાયદે નળ જોડાણ કાયદેસર કરવા માટે ૨૦ દિવસની મહેતલ આપી છે. મુદ્દત વિત્યા બાદ ગેરકાયદે નળ જોડાણ માટે રૂા. ૩૦૦૦નો દંડ વસૂલવામાં આવશે તેવી પણ રાજકોટ મહાનગરપાલિકાએ પ્રજાને તાકીદ કરી છે. રાજકોટમાં અપૂરતા વરસાદને કારણે શહેર પર પાણીની અછતનું સંકટ તોળાય રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકા પ્રજાને પાણીનો પૂરતો અને નિયમિત પૂરવઠો આપી શકતી નથી. રાજકોટ માટે નર્મદાના નીરનો પૂરવઠો પણ અપૂરતો અને અનિયમિત બન્યો છે. આ સ્થિતિમાં ગેરકાયદે નળ જોડાણથી પાણીની વધતી સમસ્યાને નિવારવા રાજકોટ મહાનગરપાલિકાએ અન્ય પગલાંઓ ઉપરાંત ગેરકાયદે નળ જોડાણ સામે કડક કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. સમયમર્યાદા પૂરી થયે ગેરકાયદે જોડાણ શોધી કાઢવા ઝૂંબેશ શરૂ કરવામાં આવશે. ગેરકાયદે જોડાણ ધરાવનારને દંડ કરાયા પછી પણ તે ગેરકાયદે પાણી મેળવતા જણાશે તો તેની સામે પોલિસ ફરિયાદ પણ નોંધાશે તેવી ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. ગઈકાલે માત્ર એક જ દિવસમાં જોડાણ કાયદેસર કરવાની ૨૦૦૦થી વધુ અરજી કોર્પોરેશનને મળી હતી. રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનરે જણાવ્યું હતું કે, મુદ્દતનાં છેલ્લા દિવસે મધરાત સુધી અરજી સ્વીકારવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાએ આજ સુધીમાં ૧૮૦૦ થી વધુ ગેરકાયદે નળ જોડાણ કાપી નાખ્યા છે.

(૨) નવી દિલ્હી : દેશની કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં એકવાકયતા લાવવા માટે કેન્દ્રનાં માનવ સંશાધન વિકાસ મંત્રાલયે નિર્ણય કર્યો છે. મંત્રાલયે આ યુનિવર્સિટીઓમાં પ્રવેશ, અભ્યાસક્રમ, પરીક્ષા અને મૂલ્યાંકન સહિતનાં નિયમો સમાન બનાવવા નિર્ણય કર્યો છે. આ યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં સરળતાની તબદીલ થઈ શકે તે માટે પણ જોગવાઈ થશે. માનવ સંશાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ મંત્રાલયનાં ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં આ નિર્દેશ આપ્યો હતો. આ દિશામાં આગળ વધવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને પણ મંત્રાલય તરફથી સુચના

આપવામાં આવી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને ચર્ચા વિચારણા માટે કુલપતિઓની એક બેઠક આવતા અઠવાડીયે બોલાવી છે. દેશમાં અત્યારે અનેક કેન્દ્રીય યુનિવર્સિટીઓ કાર્યરત છે. જેમાં કેરળ, ઝારખંડ, ગુજરાત, ત્રિપુરા, દિલ્હી, પોંડીચેરી અને બાબા ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. સમાન નિયમો ઘડવા માટે એક પેનલ પણ બનાવાશે. આ પેનલ પોતાનો અહેવાલ એક માસમાં મંત્રાલયને સુપ્રત કરશે. મંત્રાલય તેના પર પુખ્ત વિચારણા બાદ આખરી નિર્ણય લેશે. સંભવતઃ આગામી શૈક્ષણિક વર્ષથી નવા નિયમો અમલી બની જશે. ભૂતકાળમાં પણ સમાન નિયમો ઘડવા પ્રયાસો થયા હતા. જે નિષ્ફળ ગયા હતા. કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં સંશોધન પર ભાર મૂકવા પણ નિર્ણય કરાયો છે. તાલીમબદ્ધ અધ્યાપકો તૈયાર કરવા ખાસ ઝુંબેશ હાથ ધરાશે.

**પ્રશ્ન–૩ નીચેનામાંથી કોઈ એકનો જવાબ આપો. (૧૪)**

(૧) 'માધ્યમ પાસેથી લોકોની વધતી અપેક્ષાએ માધ્યમોમાં અનુવાદ અનિવાર્ય બનાવ્યો છે' – વિધાનની છણાવટ કરો.

(૨) સારો અનુવાદ કરવા માટેની પ્રક્રિયાની વિસ્તૃત છણાવટ કરો.

**પ્રશ્ન–૪ ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (૧૪)**

(૧) અનુવાદનો સંક્ષિપ્ત ઈતિહાસ

(૨) અનુવાદનાં મૂળભૂત તત્વો

(૩) અનુવાદકનાં ગુણો

**પ્રશ્ન–૫ ટૂંકમાં જવાબ આપો. (ગમે તે બે) (૧૪)**

(૧) અનુવાદનું કલા અને વિજ્ઞાન તરીકે મૂલ્યાંકન કરો.

(૨) અનુવાદ એટલે શું ? વ્યાખ્યા આપી સમજાવો.

(૩) 'અનુવાદનું મહત્વ માધ્યમ પૂરતું સીમિત નથી' – વિધાનની છણાવટ કરો.

## ENGLISH VERSION

**Q-1 Translate one of the following in Gujarati or Hindi. [14]**

(1) Ahmedabad : Gujarat high court has removed a stay granted by a lower court in Anand on the sale and marketing of packaged drinking water under the brand name of Amul. The Anand-based Kaira District Cooperative Milk Producers' Union Ltd (Amul Dairy), along with the Gujarat Cooperative Milk Marketing Federation (GCMMF), had objected to the sale of Amul brand drinking water by Jal Beverages Ltd, a company also based in Anand. As the case goes, in 1999, Amul Dairy and GCMMF took objection to Jal Beverages' selling of water under Amul brand and filed a civil suit in Ahmedabad, claiming that it was an infringement on their trademark. They accused Jal Beverages of passing off its product in the market by taking credit of the dairy brand. The court did not stay the private company from selling its water. Again in 2006, both Amul Dairy and GCMMF asked for a stay but did not press for it. However, in 2007, both Amul Dairy and GCMMF filed another suit in Anand district court and obtained a stay on the sale of Amul brand water bottles. This made Jal Beverages move the high court against this stay. In the high court, Jal Beverages argued that the dairy cooperative and federation cannot file a successive suit and obtain a stay order.

(2) Kolkata : The Saradha scam seems to be getting murkier by the day. Central Intelligence agencies now claim they have sufficient evidence that Saradha funds were used by fundamentalist outfits in Bangladesh against the Awami League before general elections in that country. This has got the Centre worried as it doesn't want ties with the Sheikh Hasina Government to suffer due to this as she is already under pressure in her country over the Teesta water sharing issues. The transfer of funds was allegedly facilitated by Trinamool Congress MP Ahmad Hasan Imran, a former general secretary of the banned Students' Islamic Movement of India (SIMI). While Hasan has vehemently denied these allegations, BJP has made this an issue. According to BJP, Trinamool was assured by Jamaat-e-Islami that a section of leaders of the minority community in West Bengal would mobilise the minority votebank in the party's favour. It was also alleged that Trinamool took help from Bangladeshi criminals, belonging to fundamentalists outfits, during the Lok Sabha polls in seats along the international border.

**Q-2 Translate one of the following in English. [14]**

(1) રાજકોટ : રાજકોટનાં હજારો નાગરિકો પોતાના ગેરકાયદે નળ જોડાણ કાયદેસર કરવા રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય ઝોનલ ઓફિસે આજે ધસી ગયા હતાં. રાજકોટ મહાનગરપાલિકાએ આવા ગેરકાયદે નળ જોડાણ કાયદેસર કરવા માટે ૨૦ દિવસની મહેતલ આપી છે. મુદ્દત વિત્યા બાદ ગેરકાયદે નળ જોડાણ માટે રૂા. ૩૦૦૦નો દંડ વસૂલવામાં આવશે તેવી પણ રાજકોટ મહાનગરપાલિકાએ પ્રજાને તાકીદ કરી છે. રાજકોટમાં અપૂરતા વરસાદને કારણે શહેર પર પાણીની અછતનું સંકટ તોળાય રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકા પ્રજાને પાણીનો પૂરતો અને નિયમિત પૂરવઠો આપી શકતી નથી. રાજકોટ માટે નર્મદાના નીરનો પૂરવઠો પણ અપૂરતો અને અનિયમિત બન્યો છે. આ સ્થિતિમાં ગેરકાયદે નળ જોડાણથી પાણીની વધતી સમસ્યાને નિવારવા રાજકોટ મહાનગરપાલિકાએ અન્ય પગલાંઓ ઉપરાંત ગેરકાયદે નળ જોડાણ સામે કડક કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. સમયમર્યાદા પૂરી થયે ગેરકાયદે જોડાણ શોધી કાઢવા ઝૂંબેશ શરૂ કરવામાં આવશે. ગેરકાયદે જોડાણ ધરાવનારને દંડ કરાયા પછી પણ તે ગેરકાયદે પાણી મેળવતા જણાશે તો તેની સામે પોલિસ ફરિયાદ પણ નોંધાશે તેવી ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. ગઈકાલે માત્ર એક જ દિવસમાં જોડાણ કાયદેસર કરવાની ૨૦૦૦થી વધુ અરજી કોર્પોરેશનને મળી હતી. રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનરે જણાવ્યું હતું કે, મુદ્દતનાં છેલ્લા દિવસે મધરાત સુધી અરજી સ્વીકારવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાએ આજ સુધીમાં ૧૮૦૦ થી વધુ ગેરકાયદે નળ જોડાણ કાપી નાખ્યા છે.

(2) નવી દિલ્હી : દેશની કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં એકવાકયતા લાવવા માટે કેન્દ્રનાં માનવ સંશાધન વિકાસ મંત્રાલયે નિર્ણય કર્યો છે. મંત્રાલયે આ યુનિવર્સિટીઓમાં પ્રવેશ, અભ્યાસક્રમ, પરીક્ષા અને મૂલ્યાંકન સહિતનાં નિયમો સમાન બનાવવા નિર્ણય કર્યો છે. આ યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં સરળતાની તબદીલ થઈ શકે તે માટે પણ જોગવાઈ થશે. માનવ સંશાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ મંત્રાલયનાં ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં આ નિર્દેશ આપ્યો હતો. આ દિશામાં આગળ વધવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને પણ મંત્રાલય તરફથી સુચના આપવામાં આવી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને ચર્ચા વિચારણા માટે કુલપતિઓની એક બેઠક આવતા અઠવાડીયે બોલાવી છે. દેશમાં અત્યારે અનેક કેન્દ્રીય યુનિવર્સિટીઓ કાર્યરત છે. જેમાં કેરળ, ઝારખંડ, ગુજરાત, ત્રિપુરા, દિલ્હી, પોંડીચેરી અને બાબા ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. સમાન નિયમો ઘડવા માટે એક પેનલ પણ બનાવાશે. આ પેનલ પોતાનો અહેવાલ એક માસમાં મંત્રાલયને સુપ્રત કરશે. મંત્રાલય તેના પર પુખ્ત વિચારણા બાદ આખરી નિર્ણય લેશે. સંભવતઃ આગામી શૈક્ષણિક વર્ષથી નવા નિયમો અમલી બની જશે. ભૂતકાળમાં પણ સમાન નિયમો ઘડવા પ્રયાસો થયા હતા. જે નિષ્ફળ ગયા હતા. કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં સંશોધન પર ભાર મૂકવા પણ નિર્ણય કરાયો છે. તાલીમબદ્ધ અધ્યાપકો તૈયાર કરવા ખાસ ઝુંબેશ હાથ ધરાશે.

**Q-3 Answer any one of the following.** **[14]**

(1) 'Increasing people's expectations from media have made translation inevitable for media.' Analyze the sentence.

(2) Elaborate in detail the process of good translation.

**Q-4 Write Short-note. (Any Two)** **[14]**

(1) Brief history of translation

(2) Fundamental elements of translation

(3) Qualities of translator

**Q-5 Answer in brief. (Any Two)** **[14]**

(1) Evaluate translation as an art & science.

(2) What is translation? Explain by narrating its definition.

(3) 'Importance of translation is not limited to media.' Elaborate the statement.